ક્રમાંક: કવટ/ISC8/ભરતી/૨૦૨૩/૧૬૯
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ડો. જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં. ૧૨/૨, ગુ. રા., ગાંધીનગર.
તા. ૦૫ / ૧૦ /૨૦૨૩

પ્રતિ
આચાર્યશ્રી,
ગુરૂકુલ મહિલા આર્ટસ અને કોમર્સ કોલેજ, પોરબંદર

વિષય : બિનસરકારી અનુદાનિત કોલેજમાં કેન્દ્રીયકૃત ધોરણે અધ્યાપક સહાયકની ખાલી જગ્યા ભરવા એન.ઓ.સી. આપવા બાબત.

સંદર્ભ : (૧) શિક્ષણ વિભાગના તા.૨૫.૦૮.૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક: એનઓસી/૧૧૦૪/૧૬૫૭/ખ, તથા સમાનાંકિ તા.૨૮.૦૩.૨૦૦૬, તા.૧૬.૦૬.૨૦૦૮, અને તા.૧૫.૦૬.૨૦૧૦
(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: સીબીસીએસ/૨૬૨૦૧૧-૯૧૮/ખ તા.૧૧.૦૪.૨૦૧૧
(૩) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૨૬૧૦/૧૦૫૫-૯૧૮/ખ તા.૦૭.૦૬.૨૦૧૧
(૪) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૨૦૧૦/૩૨૫૯/ખ તા.૧૪.૦૯.૨૦૧૧
(૫) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૨૦૧૦/૩૨૫૯/ખ તા.૧૪.૧૧.૨૦૧૧
(૬) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૦૪/૧૬૫૭/ખ તા.૦૪.૦૪.૨૦૧૭
(૭) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૨૦૧૨/૧૯૩૯/ખ તા.૨૭.૦૭.૨૦૧૭
(૮) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૨૦૧૦/૩૨૫૯/ખ, તા.૧૬.૦૮.૨૦૧૭
(૯) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૨૦૧૦/૩૨૫૯/ખ, તા.૧૮.૦૫.૨૦૧૮
(૧૦) યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, નવી દિલ્હીનું નોટીફીકેશન, તા.૧૮.૦૭.૨૦૧૮
(૧૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પગર/૧૦૧૮/૧૯૨/ખ, તા.૦૧.૦૨.૨૦૧૯
(૧૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૦૧૯/CHE-૭૬૮/ખ, તા.૨૩.૧૨.૨૦૧૯
(૧૩) સંસ્થાની એન.ઓ.સી.ની માંગણી દરખાસ્ત નંબર: ____________ તા. ______________
સંચાલક મંડળનુ તા. 03/10/2023 નું સોગંદનામુ/એકરારનામું અને આચાર્યશ્રીનું તા. 03/10/2023 નું પ્રમાણપત્ર

ઉપરોકત વિષય પરત્વે સંદર્ભ: ૧ થી ૧૨ પરની બાબતો લક્ષમાં લેતા આપની સંસ્થામાં શૈક્ષણિક જગ્યાઓ, સંદર્ભ: (૭) દર્શિત ઠરાવ મુજબ અધ્યાપકના મૃત્યુ, નિવૃતિ, કે રાજીનામાના કારણોસર ખાલી પડેલ જગ્યા ભરવા માંગણીના સંદર્ભમાં નીચેના પત્રકમાં જણાવ્યા પ્રમાણેના વિષયના સંદર્ભ: (૧) દર્શિત તા.૨૫.૦૮.૨૦૦૫ ના ઠરાવની જોગવાઈ મુજબ "અધ્યાપક સહાયક"નાં નામાભિધાનથી મદદનીશ પ્રાધ્યાપકની જગ્યાઓ કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા દ્વારા ભરવા માટે એન.ઓ.સી. આપવામા આવે છે. આ એન.ઓ.સી. અત્રેની કચેરીના તા.૧૮.૦૨.૧૯૮૫ ના પરિપત્ર ક્રમાંક: ઉબક/સરપ્લસ/ક/૧૭૫૩/૧૯૭૫ ની જોગવાઇ મુજબ જયા સુધી વર્કલોડ તથા વિધાર્થીઓની સંખ્યા જળવાઇ રહે ત્યા સુધી નીચેની શરતોનું પાલન કરવાની શરતે નીચે મુજબની એન.ઓ.સી.આપવામાં આવે છે.

Scanned with AnyScanner

| Subject(s) | SC | | ST | | SEBC | | PH | | EWS | | OPEN | | TOTAL | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | G | F | G | F | G | F | G | F | G | F | G | F | G | F |
| English | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 1 | 0 |
| Gujarati | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 1 | 0 |
| Home Science | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 1 | 0 |

નોંધ: 'G' એ મહિલા અને પુરૂષ માટે સંયુક્ત રીતે જગ્યાનો પ્રકાર દર્શાવે છે. અને "F" ફક્ત મહિલા ઉમેદવારો માટે નિર્દેશિત કરે છે.

<u>શરતો :</u>

(૧) આ એન.ઓ.સી. સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૧૨૦૧૦/૩૨૬૯/ખ., તા.૧૪.૦૯.૨૦૧૧ની જોગવાઇ અન્વયે કેન્દ્રીયકૃત ભરતી ધોરણે પ્રકિયા કરી "અધ્યાપક સહાયક" નાં નામાભિધાનથી થી મદદનીશ પ્રાધ્યાપકની ખાલી જગ્યાઓ ભરવા માટે છે. આ સિવાય અન્યથા કોઈ રીતે ભરતી પ્રકિયા કરી શકાશે નહી.

(૨) આ એન.ઓ.સી. સંદર્ભ: (૧૩) માં જણાવેલ કોલેજ દ્વારા રજુ કરવામાં આવેલ જે તે વિષયના કાર્યભારની વિગતો, સંચાલક મંડળનું સોગંદનામું/એકરારનામું તેમજ કોલેજનાં આચાર્યશ્રીનું પ્રમાણપત્ર તથા રોસ્ટર રજીસ્ટરની વિગતોને ધ્યાને લઇ આપવામાં આવે છે. આ બાબતે કોઇ પણ વિસંગાતતા ઉભી થાય તો આપેલ એન.ઓ.સી. રદ કરવામાં આવશે.

(૩) મંજુર કરેલ જગ્યાની ભરતી માટે યુ.જી.સી. અને આ કચેરીના વખતોવખત ના પરિપત્ર તથા સરકારશ્રીના ઠરાવો મુજબની પધ્ધતિનો સંપૂર્ણપણે અમલ કરવાનો રહેશે.

(૪) મંજુર કરેલ અધ્યાપક સહાયકની જગ્યાનો કાર્યભાર જે તે વિષયમાં પ્રવર્તમાન ગ્રાન્ટના ધોરણને આધિન રહીને સંસ્થાના કાર્યરત/ચાલુ શૈક્ષણિક સ્ટાફને મહત્તમ કાર્યભાર સોપ્યા બાદ ખરેખર વર્કલોડ સોપ્યા વગરનો બાકી રહેવો જોઇએ.

(૫) વિધાર્થીઓની સંખ્યા, પ્રવેશ રદ અને વિષય બદલવાની અરજીઓ ધ્યાનમાં લીધા પછી જ ખરેખર કાર્યભાર ગણત્રી કર્યા બાદ જ નિમણુંક આપવાની રહેશે. તથા હાજર કરવાના રહેશે. આ બાબતે કોલેજના આચાર્યશ્રી તથા સંચાલક મંડળની સંપૂર્ણ જવાબદારી ગણાશે .

(૬) આ એન.ઓ.સી. હેઠળની જગ્યા માટેની શૈક્ષણિક લાયકાત તથા અનુભવ વખતો વખતના આનુષાંગિક ઠરાવોમાં કરવામાં આવેલ જોગવાઇ અનુસાર તથા સંદર્ભ: (૧૦) દર્શિત યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, ન્યુ દિલ્હીના રેગ્યુલેશન-૨૦૧૮, તા.૧૮.૦૭.૨૦૧૮ ના નોટીફિકેશનથી નક્કી થયેલ ધારા ધોરણો મુજબ રહેશે અને તેમાં જણાવ્યા મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારની પંસદગી "અધ્યાપક સહાયક" તરીકે કરવાની રહેશે. અન્યથા મંજુર કરેલ જગ્યાના પગાર ભથ્થા ગ્રાન્ટને પાત્ર રહેશે નહી.

(૭) આ એન.ઓ.સી. હેઠળની જગ્યાની ભરતીમાં રાજય સરકારે નક્કી કરેલ ભરતી પધ્ધતિનો અમલ કરવાનો હોઇ, શિક્ષણ વિભાગના તા.૧૪.૦૯.૨૦૧૧ના ઠરાવમાં અને ત્યારબાદ સંદર્ભ: (૧૧) દર્શિત તા.૨૩.૧૨.૨૦૧૯ ના ઠરાવમાં કરેલ જોગવાઇઓનું પાલન કરીને સિલેકશન કમિટી દ્વારા નિયત ગુણાંકન પધ્ધતિના આધારે ઉમેદવારની પંસદગી કરવાની રહેશે.

(૮) નિમુણંકને પૂર્વ મંજુરી/વહીવટી મંજુરી આ કચેરીના તા.૨૬.૦૬.૧૯૮૯ ના પરિપત્ર ક્રમાંક : ઉબક/સરપ્લસ/ક.૧/૮૯-૯૦/૧૧૦૦૧/૨૭૦ માં જણાવ્યા મુજબના સાધનિક પત્રકો/કાગળો તથા વરણી સમિતિના ગુણાંકન પત્રકો(સભ્યદીઠ) તેમજ તેનું એકંદર પત્રક તથા રોજકામની નકલ વગેરે દરખાસ્તમાં અચુક સામેલ રાખવાના રહેશે.

Scanned with AnyScanner

(૯) શિક્ષણ વિભાગના તા.૦૬.૧૦.૧૯૯૮ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૨૯૮/૨૮૫૩૫/ગ, અન્વયે ગ્રાન્ટ ઇન એઇડ શૈક્ષણિક સંસ્થાઓમાં રાજ્ય સરકાર તથા સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી/ભલામણ સિવાય નિમણુંક નહી કરવાની જોગવાઇ મુજબ તે અંગેના આ કચેરીના તા.૦૨.૦૧.૧૯૯૯ ના પરિપત્ર ક્રમાંક: ઉબક/ડીપી/(વ.૨)ક/૯૮-૯૯/૨૦૦૮/૪૨૩ ની સુચના મુજબ વરણી સમિતીએ પસંદ કરેલ ઉમેદવારની નિમણુંકની પૂર્વમંજુરી/ ભલામણ પત્ર આ કચેરીએથી મેળવ્યા બાદ જ નિમણુંક હુકમ આપવાનો રહેશે.

(૧૦) ઉમેદવારની નિમણુંક યુનિવર્સિટી તરફથી પ્રવેશ મંજુરી અને અધ્યાપક સહાયક તરીકેની મંજુરી મળ્યા બાદ અત્રેની કચેરીના તા.૦૬.૧૦.૧૯૯૮ના ઠરાવ અને તા.૦૨.૦૧.૧૯૯૯ના પરિપત્ર અન્વયે આપેલ પૂર્વ મંજુરી અને વહીવટી મંજુરીને આધિન જ પગારભથ્થા કોલેજે આકારવાના રહેશે અન્યથા કોલેજ દ્વારા ચુકવાયેલ એડહોક પગારભથ્થાની જવાબદારી આ કચેરીની રહેશે નહી.

(૧૧) આ એન.ઓ.સી. હેઠળ પંસદગી પામનાર "અધ્યાપક સહાયક"ની અત્રેની કચેરીની પૂર્વમંજુરી બાદ સંસ્થાએ આપેલ નિયુક્તિ સરકારશ્રીના વખતોવખતના ધોરણો અનુસાર પગારભથ્થા અને સેવાની શરતોને આધીન રહેશે.

(૧૨) આ કોલેજમાં વિધાર્થીની સંખ્યા ઘટે અથવા અન્ય કોઇ કારણોસર કોલેજ બંધ થાય તો આ યોજના હેઠળ નિમણુંક પામેલ "અધ્યાપક સહાયક"ને છુટા કરવાના રહેશે. અને તેમને સંદર્ભ: (૧) દર્શિત તા.૨૫.૦૮.૨૦૦૫ ના ઠરાવની જોગવાઈ મુજબ ફાજલનું રક્ષણ મળવાપાત્ર રહેશે નહી. પરંતુ જો તે કોલેજમાં તેના વિષયની જરૂરિયાત પુન: ઉભી થાય તો આવા છુટા કરેલ ઉમેદવારને પુન: તે જ કોલેજમાં પુન: નિયુક્તિ કરી શકાશે અને આવી નિમણુક તદન નવી ગણાશે.

(૧૩) સંબધિત કોલેજે જે વિષયમાં એન.ઓ.સી. મેળવવા માટેની દરખાસ્ત કરેલ હોય અને તે વિષયમાં અત્રેની કચેરી દ્વારા ફાજલ વ્યાખ્યાતાને ફાળવવામાં આવેલ હોય તો તે વિષયની એન.ઓ.સી. આપોઆપ રદ ગણાશે. તદુપરાંત અત્રેની કચેરી દ્વારા જે તે વિષયમાં ફાજલ અધ્યાપકને સમાવવાના થાય તો તેવા અધ્યાપકને કોલેજે સમાવવાના રહેશે અને તે સમયે કોલેજને આપેલ એન.ઓ.સી. આપોઆપ રદ ગણાશે

(૧૪) અત્રેની કચેરી દ્વારા યોજવામાં આવેલ કેમ્પ સમયે સંસ્થાના આચાર્યશ્રી દ્વારા જગ્યા ભરવા માટે રજુ કરવામાં આવેલ દરખાસ્તમાં જે વિષયમાં એન.ઓ.સી.ની માંગણી માટે દરખાસ્ત કરેલ છે તે વિષયમાં કોલેજ દ્વારા કોઇ અધ્યાપકને સંખ્યાધિક કરવામાં આવેલ નથી તેવું રજુ કરેલ પ્રમાણપત્ર ધ્યાને લઇ આ એન.ઓ.સી. આપવામાં આવે છે.

(૧૫) આ એન.ઓ.સી. હેઠળની નિમણૂંક અંગે આ કચેરી દ્વારા અગાઉ આપેલ વખતોવખતની સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૬) આ એન.ઓ.સી. કોઇ કોર્ટ કેસ/લીટીગેશન હોય તો તેમાં થયેલ/થનાર આદેશો પરત્વે સરકારશ્રી કક્ષાએથી લેવાયેલ નિર્ણયોને આધીન રહેશે તેમજ માંગેલ વિષયની એન.ઓ.સી. પર કોઈ કોર્ટ કેસ ચાલુ હશે તો તે વિષયની એન.ઓ.સી. રદ કરાવવાની જવાબદારી સંસ્થાની રહેશે.

(૧૭) ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩.૦૮.૨૦૦૮ તેમજ તા.૧૮.૦૩.૨૦૧૬ ના ઠરાવથી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા જોઈશે

સંયુક્ત શિક્ષણ નિયામક (કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર.

Scanned with AnyScanner